सत्यमेव जयते

દાખલ થયા તારીખ : ૨૮/૧૪/૧૭
રજી લીધા તારીખ : ૨૮/૧૪/૧૭

નિકાલ તારીખ : ૧૭/૦૧/૨૫

સમય : વર્ષ : , માસ : , દીવસ :

**અમદાવાદના ૧૦ મા એડી.ચીફ.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ, <u>શ્રી આર.એ.અગ્રવાલ</u> સાહેબની કોર્ટ નં ૧૪ મા. મુ. અમદાવાદ શહેર**

**<u>ક્રિ.કેસ.નંબર : ૨૮૨૬૬/૧૭</u>**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વીરુધ્ધ**

**આરોપી:૦૧)ઓઝાઝ બસીરભાઈ શેખ**
**ધંધો: છુટક મજુરી**
**રહે: વિષ્ણુ સોસાયટી ગવર્મેન્ટ વેર હાઉસ પાછળ , શાહઆલમ અમદાવાદ શહેર**

---

**ગુનો : <u>ઈ.પી.કો ની કલમ ૩૨૩ , ૨૯૪(ખ) , ૫૦૬(૨), તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) મુજબ</u>**

---

**ફરીયાદપક્ષે:<u>વી.એપીપી.શ્રી.બી.એચ.જાની</u>**
**આરોપીપક્ષે:<u>વી.વકીલ.શ્રી.એસ.બી.શેખ</u>**

---

# – ચુ કા દો –

**૦૧)** આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકમા હકીકત એવી છે આ કામના આરોપીએ તા: ૨૧/૦૩/૧૭ ના કલાક ૨૨/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા તિરકરવાસ જાહેરમા આરોપીએ અગાઉ ફરીયાદીના નાના

ભાઈ જાકીર ઉર્ફે કાલુ અબ્દુલ કબીર શેખ ની સાથે ઝઘડો તકરાર થયેલ તેની અદાવત રાખી ફરીયાદીને બિભત્સ ગાળો આપી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ પોતાની પાસે ડંડા વડે જમણા પગમા માર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈપીકોની કલમ **૩૨૩ , ૨૯૪(ખ) , ૫૦૬(૨), તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) મુજબ**ગુનો કરલ છે.` જે અંગેની ફરીયાદ બાપુનગર પોલીસ સ્ટેશનમા આપેલી.

**૦૨)** આ કામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ સામે સમન્સ ઈસ્યુ કરવામા આવેલ છે જે સમન્સને ધારા ધોરણસર બજવણી થતા આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ જેથી ક્રિ. પી.કોડની કલમ ૨૦૭ અન્વયે ની જોગવાઈ નું પાલન કરવામા આવેલ અને આરોપીની સામે તહોમતનામું આંક ૦૩ નોંધવામા આવેલ છે. અને ત્યારબાદ ગુના સબબ આરોપીની પ્લી આંક ૦૪મા નીવેદન નોંધવામા આવેલ છે તેમા તેઓને તહોમતનામાની હકીકતો વાંચી સંભળાવતા સદર ગુન્હો તેઓને કબુલ ન હોવાનું જણાવતા સદર કેસની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામા આવે છે.

**૦૩)** ફરીયાદપક્ષે તરફથી નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવમા આવેલ છે.

**મૌખીક પુરાવા**

| **ક્રમ** | **ફરીયાદી/સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદી શાકીરઅહેમદ અબ્દુલ કબીર શેખ ની જુબાની | આંક ૦૬ |

**દસ્તાવેજી પુરાવા**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરીયાદ | ૦૭ |
| ૦૨ | પુરાવા બંધની પુરસીસ | ૦૮ |
| ૦૩ | પંચનામા | ૦૯ ,૧૦ |
| ૦૪ | જાહેરનામુ | ૧૧ |

**૪)** ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલા પુરાવાઓ ધ્યાને લેતા કોર્ટ સમક્ષ આ કેસનાં આખરી નિર્ણયો સારૂ નીચે મુજબ મુદદા ઉપસ્થીત થાય છે.

**− ૦ મુદ્દાઓ ૦ −**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છેકે,આ કામના આરોપીઓ તા: ૨૧/૦૩/૧૭ ના કલાક ૨૨/૩૦ વાગ્યાના સુમારે દાણીલીમડા તિરકરવાસ જાહેરમા આરોપીએ અગાઉ ફરીયાદીના નાના ભાઈ જાકીર ઉર્ફે કાલુ અબ્દુલ કબીર શેખ ની સાથે ઝઘડો તકરાર થયેલ તેની અદાવત રાખી ફરીયાદીને બિભત્સ ગાળો આપી તેમજ ગડદાપાટુનો માર મારી તેમજ પોતાની પાસે ડંડા વડે જમણા પગમા માર મારી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ઈપીકોની કલમ **૩૨૩ , ૨૯૪(ખ) , ૫૦૬(૨), તથા જી.પી.એકટ ની કલમ ૧ ૩૫(૧) મુજબ** આરોપીએ ગુનો કરેલ છે?

**૦૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧... નકારાત્મક.**
**૨... આખરી હુકમ મુજબ.**

**૦૭)** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

## - ૦ કા ર ણો ૦-

**૦૮)** ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્વારા પુરવાર થવી મહત્વની અને જરુરી છે

**૦૯)** ફરીયાદપક્ષ તરફથી ફરીયાદીને આંક ૦૬ થી ફરીયાદી શાકીરઅહેમદ અબ્દુલ કબીર શેખને તપાસવામા આવેલ છે જો તેમની જુબાની ધ્યાને લેવામા આવે તો તેઓએ તેમા જણાવેલ છે કે આ કામના આરોપી મારા વિસ્તારમા જ રહેતા હોય હુ ઓળખુ છુ અને બનાવના દીવસે સામાન્ય બોલાચાલી થતા ફરીયાદ આપેલી જે રજુ દાખલ આંક ૦૭ આ કેસ ચાલુ હતો તે દરમ્યાન સમાજના આગેવાનોએ વચ્ચે રહી સમાધાન કરાવેલ કેસ આગળ ચલાવવો નથી જેની પુરાવા બંધ ની પુરસીસ રજુ દાખલ આંક ૦૮ થી છે વધુમા તેઓએ ફરીયાદની કોઈ હકીકત બાબતને સમર્થન આપેલ નથી જેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ ત્યારબાદ પણ કોઈ ફરીયાદની હકીકત બાબત જણાઈ આવતી નથી.

વધુમા જો તેઓની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેઓએ તેમા એ વાતનો સ્વીકાર કરેલ છે કે બનાવામા સામાન્ય બોલાચાલી થતા મેઆ પોલીસ ફરીયાદ આપેલી વધુમા

આરોપીઓ એ મને કોઈ ગાળો બોલી કે ગડદાફેટોનો માર મારી ડંડા વડે ઈજા કરેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી વધુમા બનાવવાળા દીવસે આરોપી પાસે કોઈ હથીયાર ન હતુ તથા આરોપીઓ સાથે કોઈ મનદુખ ના હોય જેથી કેસ આગળ ચલાવવો નથી વધુમા બનાવના દીવસ ે પડી જવાથી ઈજા થયેલી જેની સારવાર સીવીલ હોસ્પીટલમા લીધેલી.

**૧૦)** આમ તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદીનેજ આ કેસ આગળ ચલાવવો ન હોય તેવુ ફલીત થાય છે વધુમા ફરીયાદીની ઉલટતપાસમા ફરીયાદીએ ફરીયાદથી તદદન વીરુધ્ધ બાબત જણાઈ આવે છે વધુમા પંચનામાનુ રજુ કરવામા આવેલ છે પરંતુ કોઈ પંચ સાહેદ ને તપાસવામા આવેલ નથી. વધુમા અત્રેની કોર્ટના રેકોર્ડ પર આવેલ છે કે ફરીયાદ તથા આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ છે આમ જો ફરીયાદીને જ આ કેસ આગળ ચલાવવામા રસ ન હોય તેવુ જણાઈ આવે છે આમ તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીના ગુના સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય જેથી **મુદદા નંબર ૧** નો જવાબ **નકારાત્મક** અને **મુદદા નંબર ૨** નો **આખરી હુકમ મુજબ** રહેશે.

**– ૦ હુકમ ૦ –**

**૦૧)** આ કામના આરોપીનાઓને **ક્રિ.પ્રો.કોડની કલમ ૨૪૮(૧)** હેઠળ ઈ.પી.કો ની કલમ**૩૨૩ , ૨૯૪(ખ) , ૫૦૬(૨), તથા જી.પી.એકટ ની કલમ ૧૩૫(૧) મુજબ**નાગુનામાંથી **નીર્દોષ** છોડી મુકવામા આવે છે.

**૦૨)** ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના ૫૦૦૦ ના જામીન રજુ કરવાના રહેશે. અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૦૩) મુદદામાલ અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામ આવેલ છે.**

હુકમ આજ રોજ તા– **૧૭,** માહે– **જાન્યુઆરી ,** સને– **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૧/૨૦૨૫ **( આર.એ.અગ્રવાલ )**

અમદાવાદ શહેર ૧૦માએડી.ચીફ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ

સાહેબ શ્રી ની કોર્ટ નં ૧૪,અમદાવાદ શહેર

જી.જે.૦૦૯૩૩